# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં.૧૬/વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧

તા.૨૦.૦૪.૨૦૨૦

પ્રતિ

તમામ ડીન/વડા/સંયોજક/નિયામક/આચાર્ય/સંચાલક

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ/સાદરા/રાંધેજા/અન્ય તમામ ગ્રામસેવા પરિસર

ભાઈશ્રી/બહેનશ્રી,

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબતે વખતો વખતનાં ભારત સરકાર/યુ.જી.સી./રાજય સરકારનાં આદેશોની જાણ અત્રેનાં કાર્યાલય દ્વારા આપ સૌને કરવામાં આવી છે. ભારત સરકાર/યુ.જી.સી./રાજય સરકારનાં આદેશોને આધીન તા.૨૦.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા/વિભાગો/કેન્દ્રો/શાળાઓ સિમિત સેવકો સાથે સામાજિક અંતર (Social Distances) જાળવીને ચાલુ રાખવા્ની જાણ અત્રેનાં કાર્યાલય દ્વારા તા.૧૮.૦૪.૨૦૨૦નાં કાર્યાલય આદેશથી કરવામાં આવી છે. આ કાર્યાલય આદેશમાં જણાવેલી બાબતો સહિત નીચે મુજબ અમલ કરવાનો રહેશે.

૧) ગૃપ-એ અને બી નાં તમામ સેવકોએ સંબંધિત કાર્યાલય ખાતે આવવાનું છે અને તેમણે તેમનો અહેવાલ વિભાગીય વડા મારફત કુલસચિવને આપવાનો રહેશે.

૨) તા.૨૦.૦૪.૨૦૨૦ થી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી કાર્યાલયનો સમય સવારનાં ૮.૦૦ થી ૧.૦૦ કલાકનો રહેશે.

૩) ગૃપ-સી અને તેથી નીચેના ૩૩% સુધીના સેવકો ઉપસ્થિત રહે તે માટે સંબંધિત વિભાગનાં વડા/સંયોજક/નિયામક/આચાર્ય/સંચાલકે આયોજન કરવાનું રહેશે અને તે માટે તેમણે રોસ્ટર નિભાવવાનું રહેશે.

૪) જે વિસ્તારો હોટ સ્પોટ કે કન્ટેન્મેન્ટ એરિયામાં હોય તેમણે આવવાનું નથી કે બોલાવવાનાં નથી, પરંતુ તેમનું નિવાસ સ્થાન હોટ સ્પોટ કે કન્ટેન્મેન્ટ એરિયામાં છે તેવું સ્પષ્ટ દર્શાવતો email કુલસચિવને પ્રમાણિત ઉપલબ્ધ આધાર બિડાણ કરી મોકલવાનો રહેશે.

(પ્રો. અનામિક શાહ)

કુલનાયક

Scanned with CamScanner